મસ્કે ચીનમાં 6 વર્ષના પુત્રને પણ સાથે રાખ્યો

ટ્રમ્પની સાથે ચીન ગયેલ ઇલોન મસ્કના વીડિયો ચીનમાં વાયરલ થયા મસ્કના પુત્રએ ડ્રેગન માસ્ક વાળી બેગ સાથે ચીની સંસ્કૃતિથી પ્રેરિત કપડાં પહેર્યા

બૈજિંગ, તા. ૧૪: ટેક અબજોપતિ એલોન મસ્કે બેઇજિંગમાં ચીનના નેતૃત્વ સાથેની એક મહત્વપૂર્ણ બેઠકમાં તેમના પુત્ર XA-12 ને સાથે રાખ્યો હતો. 2020માં મસ્ક અને તેમની તે સમયની ગર્લફ્રેન્ડ ગ્રાઇમ્સના ઘરે જન્મેલો આ છોકરો, સફેદ શર્ટ પર વાદળી રંગની બંડી પહેરેલો જોવા મળ્યો હતો, જે ચીની સંસ્કૃતિથી પ્રેરિત હોય તેવું લાગતું હતું. તે ચીની ડ્રેગન માસ્કના આકારની એક બેગ લઈ જતો પણ જોવા મળ્યો હતો. આ પિતા-પુત્રની જોડી આજે એક સરકારી ઈમારત, 'ગ્રેટ હોલ ઓફ ધ પીપલ'માં ફરતી જોવા મળી હતી. દિવસની શરૂઆતમાં, ડોનાલ્ડ ટ્રમ્પની સત્તાવાર મુલાકાત દરમિયાન એલોન મસ્ક 360-ડિગ્રી પ્રવાસી ફોટો લેતા ઝડપાયા બાદ ચીનમાં તરત જ વાયરલ થઈ ગયા હતા.

54 વર્ષીય મસ્ક, આ અઠવાડિયે ટ્રમ્પની ચીન મુલાકાતમાં તેમની સાથે જોડાનારા એક ડઝનથી વધુ ટોચના યુએસ એક્ઝિક્યુટિવ્સમાંના એક છે. વધતી જતી ભૂરાજકીય તણાવ વચ્ચે ચીનને મનાવવા માટે તેઓ – એનવીડિયાના જેન્સન હુઆંગ, એપલના ટિમ કૂક, બ્લેકરોકના લેરી ફિંક, તેમજ મેટા, વિઝા, જેપી મોર્ગન, બોઈંગ, કાર્ગિલ અને અન્ય કંપનીઓના અધિકારીઓ સાથે – આ પ્રવાસ પર છે. ચીન-અમેરિકા વચ્ચે અનેક સમજૂતિઓ થવાની આશા છે.

ફડણવીસ મોટરસાઈકલ પર વિધાનભવન પહોંચ્યા

સીએમ ફડણવીસે કહ્યું, પીએમ મોદીએ માત્ર 'નાના બલિદાન' આપવા જણાવ્યું છે

મુંબઈ, તા. ૧૪ (PTI): મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે અહીં વિધાન ભવન સુધી મોટરસાઈકલની સવારી કરી હતી અને ત્યાર બાદ કેન્દ્રના કરકસરના પગલાંનો બચાવ કરતાં કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને માત્ર 'નાના બલિદાન આપવા' જણાવ્યું છે.

ફડણવીસે આ બાબતે બિનજરૂરી વિવાદ ઊભો કરવા બદલ વિરોધ પક્ષોની ટીકા પણ કરી હતી અને ઉમેર્યું હતું કે વડા પ્રધાનની વિદેશ મુલાકાતો - જે વ્યૂહાત્મક જોડાણો અને આર્થિક લાભો માટે છે - તેના પર સવાલ ઉઠાવવો એ નરી મૂર્ખામી છે. નવા ચૂંટાયેલા વિધાન પરિષદના સભ્યોના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ફડણવીસ દક્ષિણ મુંબઈમાં તેમના નિવાસસ્થાન 'વર્ષા'થી મોટરસાઈકલ પર વિધાન ભવન પહોંચ્યા હતા, તેમની સાથે ભાજપના નેતા અને મંત્રી આશિષ શેલાર પણ જોડાયા હતા.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠો ખોરવાયો છે, તેને ધ્યાનમાં રાખીને વડા પ્રધાન મોદીએ ઈંધણ અને વિદેશી મુદ્રા બચાવવાની જે અપીલ કરી છે, તેના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું છે. ભારત ક્રૂડ ઓઈલ અને ગેસની આયાત માટે પશ્ચિમ એશિયા પર ઘણો નિર્ભર છે.

બુધવારે મુખ્યમંત્રી ફડણવીસે કરકસરના શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરી હતી, જેમાં તેમના કેબિનેટ સાથીઓના કાફલામાં વાહનોની સંખ્યા અડધી કરવી અને મંત્રીઓ તેમજ અધિકારીઓના વિદેશ પ્રવાસ રદ કરવાનો સમાવેશ થાય છે.



લંડનના હિથ્રો એરપોર્ટના કાર પાર્કિંગ વિસ્તારમાં પાણી ભરાઇ ગયું

અનેક કારોને મોટું નુકસાન થયું હોવાની શક્યતા

લંડન, તા. ૧૪: હિથ્રો એરપોર્ટ પર એક કાર પાર્કિંગમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે - જેના કારણે મુસાફરોને વહેલી તકે તેમના વીમાકર્તા (insurers) નો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર સામે આવેલા ફૂટેજમાં હિથ્રો કાર પાર્કનો એક ભાગ અને તેની બાજુનો રોડ 'સ્થાનિક પાણીની સમસ્યા'ને કારણે પૂરના પાણીમાં ડૂબેલો જોવા મળે છે.

ખાસ કરીને ઊંડા પાણીવાળા ભાગમાં, એવું જોવા મળ્યું હતું કે ઘણી કારના આગળના ટાયર સંપૂર્ણપણે ડૂબી ગયા હતા, અને કેટલીક કારની હેડલાઇટ પણ પાણીની અંદર હતી. કારોને કેટલું નુકસાન થયું છે તે અત્યારે સ્પષ્ટ નથી, પરંતુ હિથ્રો એરપોર્ટ પ્રશાસને જણાવ્યું છે કે અસરગ્રસ્ત ડ્રાઇવરોએ 'તેમના પાર્કિંગ ઓપરેટર અને જો જરૂરી હોય તો, તેમના મોટર વીમાકર્તાનો સંપર્ક કરવો જોઈએ'.

બુધવારે સવારે ઘણા કામદારો ઘટનાસ્થળે હાજર હતા અને એરપોર્ટે પુષ્ટિ કરી છે કે હવે આ સમસ્યાનું નિરાકરણ લાવી દેવામાં આવ્યું છે. જો કે, નુકસાન પામેલા વાહનોની ચોક્કસ સંખ્યા હજુ જાણી શકાઈ નથી.

પશ્ચિમ બંગાળની તમામ શાળાઓમાં 'વંદે માતરમ' ફરજિયાત

સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં સવારની પ્રાર્થનામાં 'વંદે માતરમ' ફરજિયાત

કોલકાતા, તા. ૧૪ (પીટીઆઈ): પશ્ચિમ બંગાળ સરકારે તમામ રાજ્ય સંચાલિત અને અનુદાનિત (ગ્રાન્ટેડ) શાળાઓને સવારની સભાઓ દરમિયાન 'વંદે માતરમ'નું ગાન ફરજિયાતપણે સામેલ કરવાનો નિર્દેશ આપ્યો છે, જે તાત્કાલિક અસરથી લાગુ થશે. શાળા શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા એક સત્તાવાર પરિપત્રમાં આ માહિતી આપવામાં આવી છે.

આ નિર્દેશમાં જણાવવામાં આવ્યું છે કે, શાળાના દિવસની શરૂઆતમાં દરેક વિદ્યાર્થીએ રાષ્ટ્રીય ગાનમાં ભાગ લેવો જ પડશે. સંસ્થાઓના વડાઓને આ આદેશનું કડક પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ વિધાનસભામાં પત્રકારોને જણાવ્યું હતું કે, "આવતા સોમવારથી રાજ્યભરની તમામ શાળાઓમાં પ્રાર્થના ગીત તરીકે 'વંદે માતરમ' શરૂ કરવામાં આવશે. હું આજે નબન્ના (સચિવાલય) જઈશ અને તેમને માહિતગાર કરીશ."

શિક્ષણ નિયામકે ૧૩ મેના રોજ રાજ્ય સંચાલિત અને રાજ્ય-સહાયિત શાળાઓના વડાઓને મોકલેલા એક પત્રમાં સ્પષ્ટ કર્યું હતું કે, "વર્ગો શરૂ થતાં પહેલાં સવારની સભાની પ્રાર્થના દરમિયાન 'વંદે માતરમ'નું ગાન ફરજિયાત બનાવવું જોઈએ જેથી કરીને રાજ્યની તમામ શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ દ્વારા તાત્કાલિક અસરથી 'વંદે માતરમ' ગવાય."

આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે તાજેતરમાં જ કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય પ્રતીકો પ્રત્યેના આદર સંબંધિત જોગવાઈઓને મજબૂત કરવાના પગલાં શરૂ કર્યા છે, જેમાં 'રાષ્ટ્રીય ગૌરવના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧'માં પ્રસ્તાવિત સુધારાનો સમાવેશ થાય છે, જે અંતર્ગત 'વંદે માતરમ'ના ગાનમાં અવરોધ ઊભો કરવાને શિક્ષાપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે.

શાળા શિક્ષણ વિભાગના એક અધિકારીએ ગુરુવારે સંકેત આપ્યો હતો કે સભાના સત્રની શરૂઆતમાં આ રાષ્ટ્રગાન પ્રસ્તુત કરવાનું રહેશે.

પેજ 3

'રામાયણ' પહેલાં રણબીર કપૂરનું અયોધ્યા કનેક્શન: 3.31 કરોડમાં ખરીદ્યો પ્લોટ

મુંબઈ, તા. 14 : અમિતાભ બચ્ચન પછી રણબીર કપૂર ઉત્તર પ્રદેશના ભગવાન રામના જન્મસ્થળ અયોધ્યામાં જમીનનો ટુકડો ખરીદનાર બોલિવૂડનો બીજો અભિનેતા બન્યો છે. આ વર્ષના અંતમાં તેની 'રામાયણ' રિલીઝ થાય તે પહેલાં અભિનેતાએ અયોધ્યામાં 'ધ હાઉસ ઓફ અભિનંદન લોઢા'ના પ્રીમિયમ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ 'ધ સરયુ' માં જમીનનો એક હિસ્સો ખરીદવા માટે નાણાંનું રોકાણ કર્યું છે. આ સોદો 2,134 ચોરસ ફૂટના કુલ વિસ્તાર માટે અંદાજે 3.31 કરોડમાં થયો છે. એક નિવેદનમાં, રણબીરે આ ખરીદી વિશે ખુલીને વાત કરી અને કહ્યું, "હું માનું છું કે અયોધ્યાએ મારી પસંદગી કરી છે."

મૌની રોય અને સૂરજ નાંબિયારના લગ્નજીવનનો અંત

મુંબઈ, તા. 14 : લગ્નનાં ચાર વર્ષ બાદ અભિનેત્રી મૌની રોયે ગુરુવારે તેમના લગ્નને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે પતિ સૂરજ નાંબિયારથી અલગ થવાની પુષ્ટિ કરી છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક સંયુક્ત નિવેદનમાં મૌનીએ તેમના અંગત જીવન પર બિનજરૂરી અને દખલગીરીભર્યા ધ્યાન બદલ નિરાશા વ્યક્ત કરી હતી અને ખુલાસો કર્યો હતો કે તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો છે. નિવેદનમાં જણાવાયું છે કે, "અમે મીડિયાના કેટલાક વર્ગો દ્વારા અમારા અંગત જીવનમાં બિનજરૂરી અને દખલગીરીભર્યા ધ્યાન પર નિરાશા સાથે નોંધ લઈએ છીએ." અભિનેત્રીએ આગળ ઉમેર્યું હતું કે, "અમે એ જણાવવા માંગીએ છીએ કે અમે અલગ થવાનો નિર્ણય લીધો છે અને આ બાબતોને ખાનગી અને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા માટે જરૂરી સમય લઈ રહ્યા છીએ."

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬: તારા સુતરિયા અને પૂજા બત્રાએ ફ્રેન્ચ રિવેરા પર લગાવી ફેશનની આગ

કાન્સ, તા. ૧૪ : તારા સુતરિયા અને પૂજા બત્રા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬માં ગ્લેમર, ડ્રામા અને વિન્ટેજ ફેશન એનર્જી લઈને આવ્યા હતા. કારણ કે, બંને કલાકારોએ ફ્રેન્ચ રિવેરા પર શાનદાર પ્રસ્તુતિ આપી હતી. તારાએ તેના મોટા કાન્સ મૂવમેન્ટ પહેલાં મોનોક્રોમ હેલ્સા ગાઉનમાં ઓલ્ડ-હોલીવુડ સોફિસ્ટિકેશન (નજાકત)નો લુક અપનાવ્યો હતો, જ્યારે પૂજાએ એન બાર્ગેના ચમકતા મેટાલિક આઉટફિટમાં રેડ કાર્પેટ પર સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તારા સુતરિયાનો કાન્સ ૨૦૨૬નો પ્રથમ લુક તારાએ પ્રતિષ્ઠિત ફેસ્ટિવલના તેના પહેલા દિવસની તસવીરોની શ્રેણી શેર કરીને સત્તાવાર રીતે તેની કાન્સ સફરની શરૂઆત કરી હતી.

આલિયા કાન્સ ગાલા ડિનરમાં પહોંચી

કાન્સ, તા. 14 : કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં આલિયા ભટ્ટ લોરિયલ પેરિસ ગાલા ડિનર દરમિયાન જોવા મળી હતી, જ્યાં તેણે ફ્લોરલ બ્રોકેડ આઉટફિટ પહેર્યો હતો. બીજી તરફ ગુરુવારે સિંગર-ઇન્ફ્લુએન્સર આરતી ખેત્રપાલનો સનાતન ધર્મ થીમ આધારિત લુક સામે આવ્યો, જેમાં તે કાન્સના રેડ કાર્પેટ પર હાથમાં ભગવદ ગીતા અને 'હરે રામ' લખેલા પર્સ સાથે જોવા મળી હતી. આ પહેલા આલિયા બુધવારે સાંજે કાન્સમાં આઇસ બ્લુ ગાઉનમાં રેડ કાર્પેટ પર જોવા મળી હતી. ફિલ્મ 'એ વુમેન્સ લાઇફ'ના પ્રીમિયર દરમિયાન તેનો 'સિન્ડ્રેલા' અવતાર જોવા મળ્યો હતો. રેડ કાર્પેટ પર આવવાના થોડા કલાકો પહેલાં આલિયાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર લોરિયલ પેરિસને ટેગ કરીને પોતાના લુકની તસવીરો અને વીડિયો શેર કર્યા હતા.

CBIએ રિલાયન્સ કોમ્યુનિકેશન્સ ફ્રોડ કેસમાં 7 સ્થળોએ તપાસ હાથ ધરી

અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપ સામે કુલ રકમ 27,337 કરોડ રૂપિયાની છેતરપિંડીના સાત કેસ નોંધાયેલ છે

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ સામેના છેતરપિંડીના કેસના સંબંધમાં ગુરુવારે સાત સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સીબીઆઈના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સર્ચ મુંબઈ, ગુરુગ્રામ અને બેંગલુરુમાં કંપનીના તત્કાલીન સીઈઓ, સીએફઓ અને ડિરેક્ટરોના રહેણાક પરિસરમાં કરવામાં આવ્યું હતું જેમણે 2015-2017ના સમયગાળા દરમિયાન સેવા આપી હતી.

નિવેદનમાં જણાવાયું છે કે, "સીબીઆઈ કેસોના સ્પેશિયલ જજ, મુંબઈ દ્વારા જારી કરાયેલ તારીખ 14.05.2026ના સર્ચ વોરંટના આધારે આ સર્ચ કરવામાં આવ્યું હતું. સર્ચ દરમિયાન વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે અને આગળની તપાસ ચાલુ છે."

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, વિવિધ જાહેર ક્ષેત્રની બેંકો અને એલઆઈસી દ્વારા નોંધાવેલી હજારો કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી અંગે ફરિયાદોના આધારે સીબીઆઈએ અનિલ અંબાણીની આગેવાની હેઠળના રિલાયન્સ ગ્રુપ સામે સાત કેસ નોંધ્યા છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ કેસોમાં કથિત નુકસાનની કુલ રકમ 27,337 કરોડ રૂપિયા છે."

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સીબીઆઈએ અગાઉ 31 સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું અને રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (આરકોમ)ના બે વરિષ્ઠ અધિકારીઓની ધરપકડ કરી હતી, - જોઈન્ટ પ્રેસિડેન્ટ ડી વિશ્વનાથ, જેઓ જૂથની બેંકિંગ કામગીરીના એકંદર પ્રભારી હતા અને વાઇસ પ્રેસિડેન્ટ અનિલ કાલ્યા, જેમણે બેંકિંગ કામગીરી અને ચુકવણીઓ તેમ જ ભંડોળના ઉપયોગને સંભાળવામાં વિશ્વનાથને સક્રિયપણે મદદ કરી હતી. "બંને આરોપીઓ હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે."

મધ્ય પ્રદેશના દેવાસમાં ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ વિસ્ફોટ

3 કામદારોના મોત, ૧૫ ઈજાગ્રસ્ત

દેવાસ/ઈન્દોર, તા. 14 (PTI): મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં ગુરુવારે એક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ બાદ લાગેલી આગમાં ઓછામાં ઓછા ત્રણ કામદારોનાં મોત થયાં છે અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી મોહન યાદવે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને તપાસના આદેશ આપ્યા હતા. યાદવે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દરેક મૃતકના પરિવારજનોને 4-4 લાખ રૂપિયાની સહાય પૂરી પાડશે અને ઈજાગ્રસ્તોને મફત સારવાર મળશે.

કલેક્ટર ઋતુરાજ સિંહે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યા બાદ પત્રકારોને જણાવ્યું હતું કે, ટોંક કલા વિસ્તારમાં આવેલા ફટાકડાના યુનિટમાં લાગેલી આગમાં ત્રણ લોકોનાં મોત થયાં છે અને અંદાજે 15 ઈજાગ્રસ્તોને ઈન્દોર અને દેવાસની હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા છે.

ઘટના બાદના વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેમાં આગ્રા-મુંબઈ નેશનલ હાઈવે પર આવેલી ફેક્ટરીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ શકાય છે. ક્લિપ્સમાં લોકો ચીસ અને બૂમો વચ્ચે ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જતા પણ જોવા મળ્યા હતા, અને ઘટનાસ્થળે માનવ શરીરના અંગો વેરવિખેર પડેલા જોવા મળ્યા હતા.

કલેક્ટરે જણાવ્યું હતું કે, આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. વહીવટીતંત્રે તે જ યુનિટની અંદર અન્ય સ્થળે સંગ્રહિત વિસ્ફોટકોનો કબજો મેળવી લીધો છે.

કલેક્ટરે જણાવ્યું હતું કે, અનિલ માલવિયા નામના વ્યક્તિની આ ફેક્ટરીમાં નાના ફટાકડા બનાવવાનું કામ માત્ર 15 દિવસ પહેલા જ શરૂ થયું હતું અને યુનિટ માટે લાઈસન્સ પણ આપવામાં આવ્યું છે.

પશ્ચિમ એશિયા સંકટ અને એકપક્ષીય પ્રતિબંધો અંગે ભારતે ગંભીર ચિંતા વ્યક્ત કરી

દિલ્હીમાં આયોજિત બ્રિક્સના વિદેશ મંત્રીઓના અધિવેશનને જયશંકરનું સંબોધન

અમેરિકાનું નામ લીધા વિના એકપક્ષીય પ્રતિબંધોની ટીકા કરી

નવી દિલ્હી, તા. 14(PTI): ભારતે ગુરુવારે પશ્ચિમ એશિયાના સંકટ અને તેની ઊર્જા પુરવઠા તથા હોર્મુઝની સામુદ્રધુનીમાં દરિયાઈ સ્થિરતા પર પડતી અસરો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ભારતે બ્રિક્સ રાષ્ટ્રોને અભૂતપૂર્વ ભૂરાજકીય અને આર્થિક અનિશ્ચિતતા તેમજ એકપક્ષીય જબરદસ્તી વાળા પ્રતિબંધોનો સામનો કરવા માટે વ્યવહારુ માર્ગો વિકસાવવા વિનંતી કરી છે.

નવી દિલ્હીમાં આયોજિત બે દિવસીય બ્રિક્સ અધિવેશનના ઉદ્ઘાટન દિવસે સંબોધન કરતા વિદેશ મંત્રી એસ. જયશંકરે કોઈ પણ દેશનું નામ લીધા વિના ભારપૂર્વક જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પ્રત્યેનો આદર પાયામાં હોવો જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે સંઘર્ષના ઉકેલ માટે સંવાદ અને મુત્સદ્દીગીરી જ એકમાત્ર ટકાઉ માર્ગ છે. જયશંકરે કહ્યું કે ભારત તણાવ ઘટાડવાના પ્રયાસોમાં રચનાત્મક યોગદાન આપવા અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી લેવાયેલા પગલાંને ટેકો આપવા માટે તૈયાર છે.

તેમણે નોંધ્યું કે શાંતિ ટુકડાઓમાં હોઈ શકે નહીં અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવું, નાગરિકોની સુરક્ષા કરવી અને જાહેર માળખાગત સુવિધાઓને નિશાન બનાવવાનું ટાળવું અત્યંત આવશ્યક છે. તેમણે નવા સભ્યો દ્વારા વિવિધ મહત્વના મુદ્દાઓ પર બ્રિક્સની સર્વસંમતિ પદ્ધતિને સંપૂર્ણપણે સમજવા અને સ્વીકારવા પર પણ ભાર મૂક્યો હતો. તેમની આ ટિપ્પણી પશ્ચિમ એશિયાના સંઘર્ષને લઈને સંયુક્ત આરબ અમીરાત અને ઈરાન વચ્ચેના તીવ્ર મતભેદો વચ્ચે આવી છે.

બ્રિક્સ, જેમાં મૂળભૂત રીતે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થતો હતો, તેનો 2024 માં વિસ્તાર કરવામાં આવ્યો જેમાં ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન અને યુએઈ જોડાયા હતા, જ્યારે ઇન્ડોનેશિયા 2025 માં જોડાયું હતું. જયશંકરે કહ્યું, બ્રિક્સની સુગમ પ્રગતિ માટે એ જરૂરી છે કે નવા સભ્યો વિવિધ મહત્વના મુદ્દાઓ પર બ્રિક્સની સર્વસંમતિને સંપૂર્ણપણે સમજે અને તેને સ્વીકારે. પોતાના સંબોધનમાં તેમણે હોર્મુઝની સામુદ્રધુની અને રાતા સમુદ્ર દ્વારા સુરક્ષિત અને અવરોધ રહિત દરિયાઈ અવરજવર સુનિશ્ચિત કરવા માટે પણ ભારપૂર્વક રજૂઆત કરી હતી અને ગાઝામાં સંઘર્ષની "ગંભીર માનવીય અસરો" અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોઈપણ દેશનું નામ લીધા વિના, તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા અને યુએન ચાર્ટર સાથે અસંગત એવા એકપક્ષીય જબરદસ્તીનાં પગલાં અને પ્રતિબંધોના વધતા ઉપયોગને રોકવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

ઈરાન અને યુએઈના વિદેશ મંત્રીઓ વચ્ચે બેઠકમાં ટપાટપી

જાણવા મળ્યું છે કે સંમેલનના એક સત્ર દરમિયાન ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી અને યુએઈના વિદેશ રાજ્ય મંત્રી ખલીફા શાહીન અલ મારર વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી અને રશિયાના વિદેશ મંત્રી સેર્ગેઈ લાવરોવે વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઈરાન અને યુએઈ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. યુએઈમાં ઊર્જા માળખાગત સુવિધાઓ પર ઈરાનના કથિત હુમલાઓને કારણે બ્રિક્સ દ્વારા પશ્ચિમ એશિયા સંકટ પર સર્વસંમતિથી નિવેદન બહાર પાડવામાં આવ્યું છે.

દિલ્હીમાં 'નિર્ભયા' જેવી હેવાનિયત

મંગોલપુરીમાં ચાલતી સ્લીપર બસમાં મહિલા પર ગેંગરેપ

કામ પરથી પરત ફરી રહેલી ૩૦ વર્ષની મહિલાને બસમાં ખેંચી જઈ ડ્રાઇવર-કંડક્ટરે આચર્યું દુષ્કર્મ; બંને નરાધમોની ધરપકડ

નવી દિલ્હી, તા. 14 (PTI) 2012ના નિર્ભયા કેસની ભયાનકતા યાદ અપાવતી એક ઘટનામાં ઉત્તર-પશ્ચિમ દિલ્હીના મંગોલપુરી વિસ્તારમાં એક 30 વર્ષની મહિલાને કથિત રીતે એક ખાનગી સ્લીપર બસની અંદર ખેંચી જઈને ડ્રાઇવર અને કંડક્ટર દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. બંને શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. એમ પોલીસે ગુરુવારે જણાવ્યું હતું.

આ ઘટના, જેણે 23 વર્ષીય તે યુવતીની દિલ્હી ગેંગરેપ-હત્યાની યાદો તાજી કરી દીધી જે નિર્ભયા તરીકે જાણીતી થઈ હતી, આ ઘટના 11 મેના રોજ બની હતી. આરોપીઓની ધરપકડ બીજા દિવસે કરવામાં આવી હતી.

રાત્રિની ઘટનાઓનો સિલસિલો જણાવતાં પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મહિલા મંગોલપુરીમાં એક ફેક્ટરીમાં કામ કરીને ઘરે પરત ફરી રહી હતી. જ્યારે તે સરસ્વતી વિહારમાં બી-બ્લોક બસ સ્ટેન્ડ પાસે પહોંચી ત્યારે તેણે બસના દરવાજા પાસે એક માણસ ઊભેલો જોયો અને તેને સમય પૂછ્યો. ત્યાર બાદ તે માણસે કથિત રીતે તેને બસની અંદર ખેંચી લીધી, વાહનને નાંગલોઈ તરફ હંકારી ગયો અને તેની પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

ત્રણ બાળકોની માતા અને પરિણીત એવી મહિલાના નિવેદન અનુસાર, બંને પુરુષોએ વારાફરતી તેની પર બળાત્કાર ગુજાર્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે, પૈસાની બાબતે કોઈ વિવાદ થયો હતો.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, જ્યારે મહિલા પર જાતીય હુમલો કરવામાં આવ્યો ત્યારે બસ નાંગલોઈ મેટ્રો સ્ટેશન પાસે ઊભી હતી.

બસ જપ્ત કરવામાં આવી છે.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (આઉટર) વિક્રમ સિંહે એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું કે, "રાની બાગ પોલીસ સ્ટેશનને એક મહિલા પર કથિત બળાત્કાર અંગેની માહિતી મળી હતી. તેનું નિવેદન તાત્કાલિક નોંધવામાં આવ્યું હતું અને વિલંબ કર્યા વિના એફઆઈઆર નોંધવામાં આવી હતી."

ડીસીપીએ જણાવ્યું કે, મહિલાના નિવેદનના આધારે, 12 મેના રોજ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ 64(1) (બળાત્કાર), 70(1) (ગેંગ-રેપ) અને 3(5) (સમાન ઈરાદો) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

પોલીસને આ ઘટના અંગેની માહિતી પીડિતા તરફથી પીસીઆર કોલ દ્વારા મળી હતી, જેણે આરોપ લગાવ્યો હતો કે બે પુરુષો દ્વારા તેની પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીઓને પકડવા માટે બહુવિધ ટીમો બનાવવામાં આવી હતી. એફઆઈઆર નોંધાયાના તુરંત બાદ તેમાંથી એકની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બીજાની ચાર કલાક પછી ધરપકડ કરવામાં આવી હતી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, "બંને આરોપીઓને સિટી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. અમારી ટીમો તમામ સંભવિત ખૂણાઓથી આ મામલાની તપાસ કરી રહી છે. ટીમો આરોપીઓ સામે મજબૂત કેસ બનાવવા માટે સીસીટીવી ફૂટેજની દરેક ક્લિપ એકત્રિત કરી રહી છે."

તપાસકર્તાઓ એ પણ તપાસ કરી રહ્યા છે કે બસમાં ઓટોમેટિક દરવાજા હતા કે નહીં.

સૂત્રોએ જણાવ્યું કે, "પીડિતાએ એવા આક્ષેપો કર્યા છે કે તેને બસમાંથી બહાર ફેંકી દેવામાં આવી હતી. પોલીસ ટીમો તમામ ખૂણાથી કેસની તપાસ કરી રહી છે."

આ ઘટના પર પ્રતિક્રિયા આપતાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક્સ પર કહ્યું: "આપણે નિર્ભયાથી કંઈ શીખ્યા નથી. આ ઘટના સમગ્ર સમાજ પર કલંક સમાન છે."

એક્સ પર એક પોસ્ટમાં દિલ્હી આપના વડા સૌરભ ભારદ્વાજે આ ઘટનાની નિંદા કરી હતી.

ભારદ્વાજે લખ્યું, "મોટી શરમ - નિર્ભયાનું પુનરાવર્તન થયું. 30 વર્ષની મહિલાને રાત્રે બસમાં ઉપાડી લેવામાં આવી હતી. ત્યાર બાદ ચાલતી બસમાં અંદાજે 2 કલાક સુધી બહુવિધ લોકો દ્વારા તેની પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો."